I.C.Y.M અમદાવાદનું ત્રિમાસિક ઇ-મેગેઝિન

# યુવામંચ

સપ્ટેમ્બર-2023 અંક: ૨

# શિક્ષણ અને પરિવર્તન



# યુવામંચ


**પ્રકાશક:-**
Fr.Edwin Anand
(Youth Director)

**તંત્રીમંડળ :-**
Fr.Edwin anand
Shailesh Rathod
Nelson Macwan
Krutesh macwan

**જાહેરાત અને પ્રસાર:-**
Fr.Edwin Anand
(9974204136)
Shailesh Rathod
(9825442991)


**જાહેરાતનો દર**
**આખું પેજ: 2000/-**
**અડધું પેજ: 1000/-**
**1/4 પેજ: 500/-**
**ટચુકડી: 250/-**
**નોધ:યુવામંચમાં પ્રસિદ્ધ થતી જાહેરાત ધર્મસભાના સિદ્ધાંતો,મુલ્યોને અનુરૂપ હોવી જોઈએ.**


**ટાઈપ & ડિઝાઈન :-**
Macwan krutesh
Macwan Nelson

**પ્રકાશન સ્થળ/કાર્યાલય :-**

**આઈ.સી.વાય.એમ ઓફિસ,**
**લોયોલા હોસ્ટેલ, મિશન રોડ, કરમસદ,**
**ગુજરાત, 388325**
**Email Id:- icymabad@gmail.com**


## "યુવામંચ"લેખકો/કવિઓ અને ગ્રાહકોને સૂચના

1."યુવામંચ"માં પ્રકાશિત થતાં લેખો,સમાચાર કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે.
2.કવિ/લેખકોએ પોતાની કૃતિ સાથે પોતાનું નામ-સરનામું,મોબાઈલ,વોટ્સએપ નંબર તથા ઈ -મેઈલ આઈ-ડી તથા પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અવશ્ય મોકલવો.
3.દરેક લેખક/કવિએ પોતાનો લેખ વર્ડ ફાઈલમાં "ગુગલ ફોન્ટ"માં મોકલવાના રહેશે.(pdf કે JPG ફાઈલ મોકલવી નહી.)
4.લેખ-સમાચારના પ્રકાશન અંગેનો નિર્ણય તંત્રીમંડળનો રહેશે.
5.તમારા તાબામાં થતી યુવા પ્રવૃતિઓ અને અહેવાલ આ મેગેઝિનમાં આવકાર્ય છે.
6.તમારા લેખ,કાવ્યો,સમાચાર કે જાહેરાત **25મી નવેમ્બર** સુધીમાં મેઈલ કરવાના રહેશે.
7."યુવામંચ"માટે લેખ,કાવ્ય,જાહેરાત,પત્રવ્યવહારનું સરનામું:(ઈમેલ):

**Email id:- icymabad@gmail.com**

-----------------------------------------------

**"યુવામંચ"ત્રિમાસિક મેગેઝિનનો આગામી અંક ડિસેમ્બર અંતમાં પ્રકાશિત થશે .જે નાતાલ વિશેષ રહેશે. નાતાલ,નૂતનવર્ષ વિષયના અનુસંધાને આપના લેખો 25મી નવેમ્બર સુધીમાં મેઈલ કરશો.**

# યુવામંચ


# Index


**YOUTH DIRECTOR'S MESSAGE .** 03
FR.EDWIN ANAND)

Education & Change 07
(Aryan Macwan)

શિક્ષણ અને પરિવર્તન 09
(મેકવાન પર્લકુમાર)

**The Painter** 11
SR.Maria





શિક્ષણ અને પરિવર્તન 12
(મેકવાન સ્ટીવન)

WYD-2023 14
(Nelson macwan)

Western Region Youth Commision Meeting - Nashik 16

PARISH REPORTS 17-18

ICYM DIOCESE OF AHMDEBAD EVENTS REPORT 19-29


## Special thanks:-

FR.Edwin anand
And
ICYM Team



**Rev Fr. Edwin Anand**
**Youth Director**
**ICYM AHMEDABAD DIOCESE**

# Youth Director's Message

## બીજી એક વ્યક્તિ જતી રહી!

**વ્હાલા યુવા મિત્રો,**

**સૌ** પ્રથમ તો હું અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેકટર તરીકે તમારો આભાર માનું છું. જે સાથ સહકાર તમે રાષ્ટ્રીય યુવા રવિવારની ઉજવણી તારીખ ૧૩ મી ઓગસ્ટે ધર્મપ્રાંતિય ધોરણે દિવ્ય દયા ધામ, સલુણમાં થઈ તેમાં આપ્યો છે તે અવિસ્મરણીય રહેશે. લગભગ ૧૧૦૦ જેટલું આપણું યુવાધન અમદાવાદ ધર્મપ્રાંતના ૩૯ તાબાઓમાંથી એકત્ર થયું હતું. થોડાં દિવસો પહેલા જ્યારે સભ્યો સાથે તેનું મૂલ્યાંકન થયું ત્યારે પણ તેઓએ એકમત સાથે કહ્યું કે દરેક વ્યક્તિએ કંઈક મેળવ્યું છે. તેનાથી મને સંતોષ થયો પણ એક ગોવાળ તરીકે કેટલાંક ઘેટાં ગુમાવી રહ્યો છું તેનું દુઃખ પણ છે.

આપણા ઘણાં યુવાઓએ ઉજ્જવળ ભવિષ્યની મહેચ્છાથી હાલ વિદેશગમન કર્યું છે. આ આંકડો ચોંકાવનારો છે, પણ દેખાદેખીમાં જવું અને ત્યારબાદ પસ્તાવું એ યોગ્ય

નથી. દેશે શું ગુમાવ્યું?એક બૌદ્ધિક ધન. એ યુવાન કે યુવતીએ શું ગુમાવ્યું? પોતાનાં પરિવારજનો.

વિચારવું રહ્યું, શું આ જ દેશમાં રહી હું મારું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકું ખરો કે ખરી? આજે મારો આ પ્રશ્ન ઘણાંને ખટકશે. માફ કરજો, તમે કહેશો કે અહિયાં કશું રહ્યું નથી. અત્યાચાર અને મુશ્કેલી છે. તો યાદ રાખવું રહ્યું કે શરૂઆતની ધર્મસભાના ઈતિહાસના ૩૦૦ વર્ષ એવા જ હતાં.

**" The church is built on the blood of martyrs".**

એજ સમય દરમિયાન સાચા ઈસુપંથી પાક્યા હતા. આજે એવી પરિસ્થિતિ છે, આપણે સલામતી શોધીએ છીએ. જોવા જઈએ તો આપણી અસલામતીમાં જ આપણી સલામતી છે. અસલામતીમાં જ મારો ઈશ્વર પરનો વિશ્વાસ મજબૂત બને છે.સંત પાઉલ પોતે તેની સાક્ષી આપે છે, ૨ કરિંથ ૧૧: ૧૬ થી ૩૨ મી કડીમાં. તેનું શીર્ષક છે "પાઉલના દુઃખો". જેમાં ખ્રિસ્ત માટે તેમણે કેટલાં દુઃખો વેઠ્યા તે રજૂ કરે છે. પાંચ પાંચ વાર ૩૯ ફટકાનો

રજૂ કરે છે. પાંચ પાંચ વાર ૩૯ ફટકાનો માર ખાધો, દંડા ખાધા, કેટલીય વાર કારાવાસમાં રહ્યા. મધદરિયે જોખમમાં ફસાયા, એમ ઘણી મુશ્કેલીઓ વેઠી. આજે જ્યારે થોડી મુશ્કેલી આપણા જીવનમાં વધી જાય છે ત્યારે આપણે શું કરીએ છીએ? છટકવાનો પ્રયાસ અથવા આત્મહત્યા, જેની આપણે ચર્ચા પણ કરતા નથી.

બીજી એક વ્યક્તિ મેં ગુમાવી, આ નિસાસો ફરીવાર હું નાખું છું. ગયા રવિવારના સંદેશ સમાચારની રવિપૂર્તિમાં કોટા વિસ્તારમાં ઓગસ્ટ મહિનામાં ૨૪ યુવાઓએ આત્મહત્યા કરી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ભારત દેશમાં સમગ્ર વર્ષ દરમિયાન થતાં આત્મહત્યાના બનાવોમાં આઠ ટકા બનાવો યુવાવર્ગમાં થાય છે. આપણા સમાજમાં આ બનાવો બની રહ્યા છે, તેનાથી આપણે બધા વાકેફ છીએ. આવી ઘટનાઓ ના બને તે માટે અમુક પગલા આપણે બધાએ ભરવા પડશે.

૧. આત્મહત્યાનું કારણ હતાશા કે નિરાશા હોય છે.
૨. આ સ્થિતિમાં ગમે તે વ્યક્તિ આવી શકે છે.
૩. સૌ પ્રથમ જો હું તેમાંથી પસાર થતો કે થતી હોઉં તો મારે એનો સ્વીકાર કરવો રહ્યો.
૪. એ સ્થિતિમાં એકલા રહેવાની જગ્યાએ કોઈ વિશ્વાસુ વ્યક્તિ પાસે જઈને પોતાની સ્થિતિ રજૂ કરવી. જો કોઈ પણ વિશ્વાસુ વ્યક્તિ ના મળે તો કોઈ પુરોહિતની પાસે જઈને પ્રાયશ્ચિત સંસ્કારમાં પણ રજૂઆત કરી દેવી.

એ ક્ષણ જો જતી રહી તો વ્યક્તિ બચી ગઈ.

ઈસુનું જીવન જોઇએ તો તેમના જીવનમાં પણ આવી સ્થિતિ આવી હતી ત્યારે તેઓ જૈતુન વાડીમાં પીતર, યોહાન અને યાકોબને લઇને ગયા હતા. ઈસુની આવી સ્થિતિમાં તેઓ ઉંઘી ગયા હતા. ઈસુ ત્રણ ત્રણ વાર પૂછે છે કે તમે હજીયે ઊંઘો છો? તેમને પોતાનુ દુઃખ કોઇની સમક્ષ રજૂ કરવું છે પણ સાંભળનાર લોકો જ ઉંઘી ગયા હોય છે. તેમને લોહીનો પરસેવો થાય છે.

ત્યારબાદ તેઓ કહે છે કે, “ હે પિતા, શક્ય હોય તો આ પ્યાલો મારા હાથમાંથી લઈ લો, પણ મારી નહિ પણ તમારી ઇચ્છા પુરી થાઓ.” આ વચન કહ્યાં પછી પ્રભુવાણી રજૂ કરે છે કે પ્રભુના દૂતે તેમને દર્શન દીધાં અને બળ આપ્યું.

જીવન એ પ્રભુની ભેટ છે. વ્હાલા યુવા મિત્રો, જે પ્રભુએ મારું અને તમારું સર્જન કર્યું છે, તેણે આપણા માટે આયોજન કર્યું જ છે. જ્યારે હું આત્મહત્યા કરું છું ત્યારે પ્રભુની યોજના વિરુદ્ધનું કાર્ય કરું છું.

ઈસુને બે શિષ્યોએ દગો દીધો. એક યહૂદા ઈશ્કરિયોત અને બીજો પીતર. એકે ૩૦ ચાંદીના સિક્કા માટે ઈસુને વેચી કાઢ્યા જ્યારે બીજાએ તેમનો ઈન્કાર કર્યો. ગુનો બંનેએ કર્યો. બંનેને પસ્તાવો થયો. એકે આત્મહત્યા કરી, જ્યારે બીજાએ પોતાનું જીવન સુધાર્યું. જેણે જીવન સુધાર્યું એ જ વ્યક્તિ આપણી કેથોલિક ધર્મસભાના પ્રથમ વડાધર્મગુરૂ બન્યા. આમ ભૂલ આપણા બધાથી થઈ શકે છે. પણ ત્યારબાદ આપણે પીતરની જેમ પ્રાયશ્ચિત કરીને જીવન સુધારીએ.

# 1. EDUCATION & CHANGE

AUTHOR-ARYAN MACWAN

**A topic on which endless discussion and debate can be made. But what exactly Education is? And how does it relate to Change?**

According to Oxford, Education is, "a process of teaching, training, and learning, especially in schools, colleges or universities, to improve knowledge and develop skills". But is this what it is? Unfortunately, we people consider only the first half part of the definition and that is where it takes a turn; detaching us from the change that we are looking for. The primary focus needs to be on the second half part that tells us about developing Skills. That's where **CHANGE** comes into the picture.

However, it is not that easy to understand and because of that probably many people fail to understand the real meaning of education. According to me, "the ability to understand, analyze and solve a given problem in the best possible way out there" is called Education. Understanding a certain concept and answering the question "**WHY THIS?**" is called Education. And finally, **"WHAT WILL I GET FROM THIS?".**

To put it in a better way, for a change to be made, Applied Education must be given the utmost importance. Meaning, if you as a student question every topic or concept that "WHY DO I HAVE TO LEARN THIS?", many things can be made more clear. For example, when a teacher teaches about Renewable Energy to a kid, if that kid questions the fact that why he needs to learn about Solar Energy or Wind Energy, then he will get the answer that it is easier to produce electricity through Sun or Wind when it is compared to conventional methods. But wait, this is just the beginning. If this is scaled up, that kid now knows that as Petroleum is not renewable and there is a chance that it will completely come to an end in the future. Interesting? Some more on this...this kid somehow finds out a way to use those concepts and makes a simple machine operated on Solar which was priorly operated through some petrol products.

This ends up the story and makes me eager to talk about this particular Change. The Change in thinking methodology that **"I as an individual"** have the power to change the orthodox practices that are made currently. This is what Education is. This is what change is. This is where you get a word called Innovation. I know the example is a very simple thing but with the same principle, we have come so far. Look back to the mid-1700s, when the First Industrial Revolution took place. Someone had the mindset to change the conventional practices and because of that, it was possible. The same applies to the second and the third industrial revolution. The change has taken place because of eudcation, now we are on the verge of the Fourth Industrial Revolution.

Now this applies to other things as well. With the change that education brings, the mindset, attitude and logical reasoning can be sharpened. It gives an individual a completely new approach to look at a problem and solve it wisely through which, not only an individual is benefited but also society as a whole. This eventually increases the importance of well-educated people in society. If we dive into subjects like pollitics and history, many things can be made more clear. The understanding of Our Constitution gives us the feel and explains the power that we, common people, have as a Democratic nation. Again, if scaled up, this is how the steel frame of India works. This is how all IAS, IPS and IFS officers work. They go through the roots and understand every tiny minute detail of the situation. If a student is properly explained about these subjects, there is a great chance that he will end up being a bureaucrat. For example, today when the nation is struggling through the cast difference issues, it was the great emperor Ashoka down the lane that handled the same situation with great ease. Isn't that concept a solution for today's situation as well? Can't we use the same principle that he used? Knowing about those policies helps a kid to develop a mental situation through which a problem on hand can be solved. This is the change that Education gives to an individual. From only this and not just by blindly reading notes and preparing for an examination, an individual develops the capacity to think by himself and be a better individual.

Let us together change the thinking of education and let this change in you be the footsteps for shaping and creating a great mindset.

# શિક્ષણ અને પરિવર્તન

**AUTHOR-મેકવાન પર્લકુમાર**

જે વ્યક્તિ જીવનમાં શિક્ષણ મેળવે છે, તે જ વ્યક્તિ જીવનમાં પરિવર્તન લાવી શકે છે, કારણ કે શિક્ષણ અને પરિવર્તન એ એક જ સિક્કાની બે બાજુઓ છે.

જે વ્યક્તિ શિક્ષણ મેળવતો નથી કે કોઈ કારણોસર મેળવી શકતો નથી, તેના માટે પરિવર્તન કરવું એ ખૂબ અઘરી બાબત થઈ પડે છે. જેનામાં શિક્ષણ ન હોય તો તે સમાજમાં માન મેળવી શકતો નથી. આજના સમયમાં જો આપણને સમાજમાં એક યોગ્ય સ્થાન જોઈતું હોય તો શિક્ષણ મેળવવું જરૂરી છે.

જો વ્યક્તિ શિક્ષિત હશે તો તે પોતાની રીતે જીવન જીવી શકશે, પોતાના શિક્ષણની મદદથી પૈસા કમાવી શકશે અને એ પૈસાથી તે પોતાના જીવનમાં પરિવર્તન કરી શકશે, અને પોતાનું જીવન સ્વતંત્ર રીતે જીવી શકશે, પણ જો તે વ્યક્તિ પાસે શિક્ષણ ન હોય તો તે વ્યક્તિ જીવનમાં પરિવર્તન નહીં કરી શકે અને પોતાનું જીવન સ્વતંત્ર રીતે નહીં જીવી શકે, પણ તે વ્યક્તિ પોતાના સંપૂર્ણ જીવન દરમ્યાન બીજા લોકો પર આધારિત રહેશે, તે જીવનમાં કઈ નહીં કરી શકે.

શિક્ષણ વિના જીવન ખૂબ જટિલ બની જાય છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે શિક્ષણ અને પરિવર્તન એ એક જ સિક્કાની બે બાજુઓ છે.

લીમડાપુર નામે એક ગામ હતું. ત્યાં સુરેશ નામે એક છોકરો રહેતો હતો, તેનો જન્મ ખૂબ ગરીબ ઘરમાં થયો હતો. પણ તેને ભણવાની ખૂબ ધગશ હતી, તેથી તેણે સરકારી શાળામાં ભણીને ઊચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું, પણ તેને સારી નોકરી મળી નહીં, અને તે બેકારી નો શિકાર બન્યો. તેથી તેણે રસ્તા પર વેફર વેચવાનું શરૂ કર્યું, એક વખત તેના ગ્રાહકે વેફર લઈને પૈસા ન આપ્યા, અને તેને ધક્કો માર્યો, તેથી તે જમીન પર પડી ગયો અને તેને ખૂબ ઇજા થઈ. ત્યારે તેને એક રાકેશ નામના ભલા માણસે મદદ કરી અને તેને ઊભો કર્યો તેને પોતાના ઘરે લઈ ગયો અને ત્યાં રાકેશે ઇજાગ્રસ્ત સુરેશની પ્રાથમિક સારવાર કરી અને તેને પોતાના ઘરે આરામ કરવા માટે કહ્યું.

ત્યારબાદ રાકેશે સુરેશને પૂછ્યું "તું રસ્તા પર વેફર કેમ વેચે છે?" સુરેશે જવાબ આપ્યો, "હું ખૂબ ભણેલો છું, અને મારી જોડે સારી એવી ડિગ્રી પણ છે, પણ મને ક્યાંય પણ નોકરી મળી નહીં, તેથી હું મારા પરિવારનું ભરણપોષણ કરવા માટે રસ્તા પર વેફર વેચું છું", રાકેશે સુરેશને કહ્યું,"જો હું તને મારી કંપનીમાં નોકરી કરવાની ઓફર આપું તો તું તેનો સ્વીકાર કરીશ?" સુરેશે રાકેશને કહ્યું , "મને અત્યારે નોકરીની ખૂબ જરૂર છે. જો તમે મને નોકરી આપવા માંગતા હોય તો હું જરૂર તેનો સ્વીકાર કરીશ." રાકેશે સુરેશને કહ્યું, "સારું, કાલે મારી કંપનીમાં તારા બધા દસ્તાવેજ લઈને આવજે. હું તને નોકરી આપીશ."

બીજા દિવસે સુરેશ પોતાના બધાજ અગત્યના દસ્તાવેજો લઈને રાકેશની કંપનીમાં ગયો. રાકેશે સુરેશનાં બધાજ દસ્તાવેજો તપાસ્યા અને તેને પોતાની કંપનીમાં નોકરી આપી. સુરેશ ખૂબ ખુશ થયો. અને તેણે તે નોકરીની શરૂઆત કરી, પૈસા કમાવાનું શરૂ કર્યું, અને પોતાનાં કમાયેલા પૈસાથી તેણે પોતાના જીવનમાં પરિવર્તન લાવીને પોતાનું જીવન સારી રીતે જીવવાનું શરૂ કર્યું.

જે સુરેશ પહેલા રસ્તા પર વેફર વેચતો હતો તે અત્યારે સારું એવું જીવન જીવી શકે છે. શિક્ષણ મેળવ્યું હશે તો ગમે ત્યારે તે જીવનનો આધાર બનશે. વેફર તો કામચલાઉ ઉપાય હતો, પણ શિક્ષણે તેને નવું જીવન આપ્યું.

આજના સમયમાં પણ આપણા સમાજમાં ઘણા વિસ્તારોમાં છોકરીઓને ભણાવવાની છૂટ મળતી નથી જે યોગ્ય નથી. ઘણા લોકો આજે પણ આવું જ માને છે કે છોકરીઓ એ ઘરમાં બોજ સમાન હોય છે પણ એ વાત તદ્દન ખોટી છે, આજનાં આ આધુનિક યુગમાં છોકરીઓને પણ શિક્ષણ મેળવવાની સમાન તક મળવી જોઈએ, જેથી તેઓ પોતાનું જીવન સ્વતંત્ર રીતે જીવી શકે. એક દીકરી તો એક સાથે ત્રણ ઘર તારે છે, તેનું સાસરુ, તેનું પિયર અને તેનું મોસાળ. દીકરો ખાલી મકાન બનાવે છે પણ તેને ઘર તો એક દીકરી જ બનાવે છે.

પહેલાનાં સમયમાં માણસ જંગલમાં રહેતો હતો, પણ ધીરેધીરે સમય જતાં માણસે શિક્ષણ મેળવ્યું અને તે ઘરમાં રહેવા લાગ્યો, અને બીજા ઘણા સુધારા કરવા લાગ્યો અને ધીરે-ધીરે જીવનમાં પરિવર્તન કરવા લાગ્યો. એટલે જ જીવનમાં શિક્ષણ ખૂબ જરૂરી છે.

બીજું એક ઉદાહરણ લઈએ. એક અભણ વ્યક્તિ ખેતી કરે અને બીજી બાજુ એક શિક્ષિત વ્યક્તિ ખેતી કરે તો એમાં ખૂબ ફેર જોવા મળે છે. આજનાં સમયમાં શિક્ષણ મેળવવું એ ખૂબ અગત્યની બાબત બની ગઈ છે.

આજનો યુવાવર્ગ શિક્ષણને મહત્વ આપતો નથી તે એક અયોગ્ય બાબત છે, આજનો યુવાવર્ગ પોતાની જ મસ્તીમાં મસ્ત હોય છે, તેની આસપાસ શું થઈ રહ્યું હોય છે તેનું તેને ભાન પણ નથી હોતું. આજનાં યુવાનો પાસે શિક્ષણ તો છે પણ તેમનામાં નૈતિક શિક્ષણનો અભાવ જોવા મળે છે, તેઓ કોઈને માન આપવા માંગતા નથી અને પોતે મનસ્વી રીતે વર્તન કરે છે, જે યોગ્ય નથી, જેમાં સૌથી વધારે વાંક મોબાઇલનો છે. મોબાઇલ માણસે બનાવેલ એક અદભુત આવિષ્કાર છે, તેનાથી તમે ઘરે બેઠાં શિક્ષણ મેળવી શકો છો, અને પોતાનાં જીવનનાં વિકાસ માટે ઉપયોગ કરી શકો છો, પણ લોકો તેનો દુરુપયોગ કરે છે અને તેની જ મદદથી પોતાનાં જીવનનો નાશ કરે છે, અને પ્રગતિ કરવાને બદલે અધોગતિ કરે છે, અને તેને કારણે યુવાનોમાં આત્મહત્યા જેવી ઘટનાઓ દિવસે ને દિવસે વધતી જાય છે, અને પછી તેમનાં માતા- પિતાને પસ્તાવાનો વારો આવે છે.

આજના જમાનામાં યુવાવર્ગમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. અને તેના કારણેજ તેમના જીવનમાં મુશ્કેલીઓ આવે છે

**માણસ જો મોબાઇલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે તો મોબાઇલ તેને માટે એક વરદાનરૂપ બની જાય, પણ માણસ તે જ મોબાઇલનો વિવેકપૂર્ણ ઉપયોગ ન કરે અને તેનો મનફાવે ઉપયોગ કરે તો તેને માટે એ જ મોબાઇલ શાપરૂપ બની જાય છે.**


## આમંત્રણ:-

**આપના તાબામાં યોજાતી યુવા પ્રવૃત્તિઓનો અહેવાલ 'યુવામંચ' માટે મોકલી આપવા વિનંતી છે.**

**YU4C**
**YOUTH UNITED FOR CHRIST**
**સાથે જોડાવવા માટે નીચે ની લીંક ઉપર ક્લિક કરો.**

**CLICK HERE**

Youth United For Christ
Gujarat



Sr. Maria

# THE PAINTER

HE PAINTS THE BLACK TO WHITE
CALLS IT - THE DAY.
HE DRAWS THE STRAIGHT LINE TO CURVE
CALLS IT - THE SMILE.
HE CHANGES THE FEARS OF UNCERTAINTY
TO TEARS OF JOY LIKE A LITMUS PAPER
CALLS IT - THE HAPPINESS.
HE PAINTS LIFE FROM MOURN
CALLS IT - THE MIRACLE.
HE IS HE... THE REAL
THE PERFECT PAINTER OF MY LIFE.
HE USES JUST ONE COLOUR
- LOVE.

HE IS CHRIST.

# શિક્ષણ અને પરિવર્તન



AUTHOR- મેકવાન સ્ટીવન

શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી શક્તિશાળી સાધન છે. શિક્ષણ દ્વારા સમાજમાં ઈચ્છનીય ફેરફારો (પરિવર્તન) લાવી શકાય છે. શિક્ષણ થકી સમાજને,વ્યક્તિને આધુનિક બનાવી શકાય છે અને તે રીતે વ્યક્તિ પોતાની જાતને બદલતા સમાજ અને ફિલોસોફી સાથે ગોઠવી શકે,તાદાત્મ્ય સાધી શકે છે એમ કહી શકાય કે શિક્ષણથી સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે. પરિવર્તન વિના કોઈપણ સમાજનો વિકાસ કે પ્રગતિ શક્ય જ નથી તેથી જ કહી શકાય છે. કે, “પરિવર્તન એ સમાજના વ્યક્તિની જીવંતતાનું પ્રતીક છે”. આપણે આપણી ઊર્જા હંમેશાં નિરર્થક વાતો પર નહીં પરંતુ ભવિષ્યના ધ્યેય પાછળ ખર્ચવી એ જ સફળતાની ચાવી છે, જે સમાજના પરિવર્તન માટે મહત્વના સોપાનો ગણાવી શકાય છે .

શિક્ષણ શબ્દ એ સંસ્કૃત શબ્દ શિક્ષા પરથી આવ્યો છે જેનો અર્થ શીખવું અને શીખવવું એમ કરી શકાય. શિક્ષણ મેળવવું એ દરેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. શિક્ષણ એ અમૂલ્ય જ્ઞાન છે જેની અસર માનવીના સમગ્ર વ્યક્તિત્વ પર ચોક્કસ જોવા મળે છે જેથી માનવી શિષ્ટ, જવાબદાર અને આદર્શ નાગરિકના ગુણો વિકસાવવાની પ્રથમ સીડી ચડી શકે છે. અને તેથી શિક્ષણને માનવીના વિકાસ માટે પરિવર્તન માટે શક્તિશાળી શસ્ત્ર ગણાવ્યું છે. એક શિક્ષિત વ્યક્તિ સમાજમાં પ્રવૃત્તિથી કુપ્રથાઓને નાબૂદ કરી શકે છે, ઘર અને ઓફિસને સુવ્યવસ્થિત સંભાળી શકે છે. શિક્ષિત વ્યક્તિ યોગ્ય સમયે યોગ્ય પરિવર્તન લાવી આદર્શ સમાજની કલ્પનાને સાકાર કરી શકે છે . શિક્ષિત વ્યક્તિની છાયામાં દરેકને જ્ઞાન મળે છે અને જ્ઞાનથી મોટી કોઈ શક્તિ જ નથી. જ્ઞાન જ તંદુરસ્ત સમાજની રચના કરી લોકોની જીવનશૈલીમાં પરિવર્તન લાવી શકે છે.

ગાંધીજીના મતે શિક્ષણ એ માણસનો સંપૂર્ણ વિકાસ આધ્યાત્મિક,બૌદ્ધિક અને શારીરિક વિકાસ કરે છે. મહર્ષિ ટાગોરે કહ્યું હતું કે “લોકો પોતાના સ્વાર્થ પૂરા કરવા માટે શિક્ષણ મેળવે છે, નોકરી મેળવવાની ઈચ્છા સાથે જ તે શિક્ષણ મેળવે છે નાનપણથી જ બાળકો પરીક્ષા પાસ કરવા માટે રટણ પદ્ધતિ અપનાવે છે. છતાંય સ્વાર્થ સાથે તેનો સર્વાંગી વિકાસ આપોઆપ થતો હોય છે રાષ્ટ્રીય શિક્ષણ આયોગ ૧૯૬૪ મુજબ શિક્ષણ એ દેશની આર્થિક અને સામાજિક પ્રગતિનું એક શક્તિશાળી સ્વરૂપ છે. શિક્ષણ વ્યક્તિને સાચા નિર્ણયો લેવાનુ શીખવે છે. બાળકોથી લઈને વડીલો સુધી દરેકને જવાબદાર અને સંનિષ્ઠ માનવી બનાવવા માટે જવાબદાર પરિબળ શિક્ષણ છે અને તેથી યોગ્ય શિક્ષણ જ સાચો, સારો, આદર્શ નાગરિક અને તે દ્વારા સુસંસ્કૃત સમાજનું ઘડતર કરી શકે છે .

જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે, આપણે ભૂતકાળના ઇતિહાસ પર નજર કરતાં અનેક ઉદાહરણો જેવા કે રાણી અહલ્યાબાઈ, ડો.બાબાસાહેબ આંબેડકર, ગાંધીજી, તેમજ એવા અનેક નામ છે જેમનો શિક્ષણ અને આવડત થકી સમાજના પરિવર્તનમાં ઉમદા ફાળો છે. આપણે એમને આજેપણ ગૌરવભેર યાદ કરીએ છીએ. શિક્ષણ હંમેશાં લોકોના વિચારો, વલણોમાં પરિવર્તન લાવે છે.અને આધુનિકયુગ સાથે આગળ વધવાનું શીખવે છે. શિક્ષણથી માનવીના જ્ઞાનમાં વધારો થાય છે, તર્કશક્તિ ખીલે છે. શિક્ષણ વડે જ

માનવીની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સકારાત્મક વિચારો રાખી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળે છે. શિક્ષિત વ્યક્તિ ગમે તેવા પડકારનો હિંમતપૂર્વક સામનો કરે છે તેથી જ કહેવાયું છે કે, ‘શિક્ષિત વ્યક્તિ ક્યારેય સામાન્ય નથી હોતો તેના હાથોમાં જ વિકાસ રહેલો છે’.

પ્રાચીન સમાજમાં માનવ અશિક્ષિત હતો અને તેથી જ અનેક દુષણો, કુરિવાજો અને અંધશ્રદ્ધાથી પીડિત હતો. સમાજમાં બાળલગ્નો,સતીપ્રથા,બાળકીને દૂધપીતી કરવાના રિવાજો, પડદાપ્રથા થા જેવા દુષણો ઘર કરી ગયા હતા. પરંતુ સમયાંતરે થયેલ શિક્ષણનો ફેલાવો સમાજને આધુનિકતા તરફ લઈ ગયો, નવા વિચારો, નવી માન્યતાઓ, નવા વલણો અને નવી શિક્ષણશૈલીએ સમાજમાં સદંતર પરિવર્તન આણ્યું કુરિવાજોની જકડમાંથી સમાજને મુક્ત કર્યા, આધુનિકતાનો વંટોળ આવ્યો, સર્વત્ર શિક્ષણનો વ્યાપ વધ્યો અને તેના પ્રભાવથી આધુનિક સુશિક્ષિત સમાજની રચના થઈ. નવી ટેકનોલોજી નવા વિચારો નવા વલણોની સાથેસાથે શિક્ષણે વર્તમાન સમયમાં એવું સામાજિક વાતાવરણ ઊભું કર્યું છે જેના પરિણામે વ્યક્તિ પોતે નવા સામાજિક ફેરફારોને સ્વીકારીને અપનાવવા તૈયાર છે. નવું આસમાન નવી આધુનિક દુનિયા અને નવા નવા વિકાસના અવનવા પ્રયોગો એ આધુનિક શિક્ષિત સમાજનું પ્રતિબિંબ છે.

# THANK YOU!

ચાવડાપુરા- જીટોડીયા,
સી. ટી.એમ.,
વટવા,
સેન્ટ મેરીસ નડીયાદ,
આણંદ ગામડી,
ગુજરાતી કેથલિક પરિવાર ઓફ કેનેડા,
ગુજરાતી કેથલિક પરિવાર ઓફ UK
મહેમદાવાદ,
તારાપુર,
ઉમરેઠ,
પેટલાદ,
બોચાસણ ,
પાલૈયા,
આઇ.સી.વાય. એમના ભૂતપૂર્વ યુથ ડાયરેકટર્સ તેમજ ઉપરોક્ત તમામ તાબાના યુવાન યુવતીઓ ઉપરાંત પુરોહિતો, સાધ્વીગણ અને યુથ એનિમેટર્સનો "યુવામુખે પ્રભુવાણી" માં ભાગ લેવા બદલ આઇ.સી.વાય એમ. પરિવાર આભાર માને છે.

# WYD
# LISBON 2023



37th World Youth day was held at Lisbon Portugal from 1-6 August 2023.Theme of World Youth Day was " Mary Rose & went in haste" (Luke 1: 39).







# WYD LISBON

37th World Youth Day was held at Lisbon, Portugal from 1-6 August 2023.

Wonderful & Joyous Youth event in which around 1.5 Million People joined . 241 participants representing CCBI Youth Commision From India also participated in it .

Our Holy Father Pope Francis accompanied the Young people who came from different nations.

Next Edition of World Youth Day will be at Seoul ,South Korea in 2027

WYD LISBON 2023

Macwan Nelson
National Team member

# Western Region Youth Commision Meeting  at Nasikhik



Meeting of Western Region Youth Commision was held at Shrine of Infant Jesus , Nashik on 29th June, 2023. 27 participants consisting of Chairman Bishop , 13 Youth Directors , 6 lady Animators & 7 Rexco's attended the meeting . Agenda's for the meeting were : Regional Youth Director Election , future plannings of Region(Western Region Conference, Rexco meet ) , National Director's Meeting ,and National Youth Conference . Fr Christopher Vaz from Vasai was elected as the new Regional Youth Director of Western Region . Sr Smita from Vasai Diocese was elected as the Regional Youth Lady Animator . Most Rev Barthol Baretto ( Chairman of Western Region Youth Commision) welcomed the new RYD & RYLA & also thanked outgoing Regional Youth Director Fr.Vikram Mahida & outgoing RYLA Sr.Smita Macwan .




**Launching 1st edition of Yuva- Manch & Handing over ceremony to New Regional Director**



## દેશભક્તિ ગીત સ્પર્ધા નું આયોજન

તા 15 ઓગસ્ટ, 2023 મંગળવારના રોજ સવારે 10:30 થી 12:30 સુધી અવર લેડી ઓફ લૂર્ડ્સ હોલ સી.ટી.એમ. માં લુર્ડ્સ યુથ ગ્રુપ સી.ટી.એમ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સીટીએમ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર વેલેરિયન સલદાના,યુથ ગ્રુપના સલાહકાર ફાધર લોરેન્સ, મુખ્ય મહેમાન સુહાસિનીબેન મેકવાન, નિર્ણાયક તરીકે ફાધર આરોકયમ સેલવા અને સિસ્ટર ઇન્દિરા રાઠોડ એલ ડી. સ્પર્ધાને સંગીતમય બનાવવા માટે સ્નેહમ મેકવાન (રાજા) અને સંજય મકવાણા, ધર્મસેવા સમિતિના ઉપપ્રમુખ રોબોટભાઈ સાથે 47 ભાગ લેનારા સભ્યો અને તેમની સાથે આસપાસના ધર્મજનો હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શરૂઆત પ્રાર્થના અને રાષ્ટ્રીય ગીત દ્વારા કરવામાં આવી હતી કુલ સાત વિભાગમાં આ સ્પર્ધા નાના બાળકોથી લઈને ધર્મવિભાગના બધા લોકો માટે યોજવામાં આવી હતી. વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.





**આદર્શ પરમાર (સેક્રેટરી)**

**CTM PARISH**



## વોલીબોલ અને બેડમિન્ટન સ્પર્ધા

તારીખ 30 જુલાઇ 2023 ના રોજ સેક્રેડ હાર્ટ યુથ વડતાલ દ્વારા વડતાલ ખાતે વોલીબોલ અને બેડમિન્ટન સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ દરેક યુથ એક બને અને તેમનામાં રહેલી શક્તિ બહાર આવે તે હતો. જેમાં વડતાલ પેરિસના અલગ - અલગ ગામડાઓમાંથી કુલ 60 થી વધારે યુથ સાથે ધર્મજનોએ પણ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆતમાં સી. તેજના દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી હતી.

મુખ્ય અતિથિવિશેષ ફા. બાલરાજ (નડિયાદ) નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ફા. બાલરાજ દ્વારા દરેક સ્પર્ધકોને ફુલ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી જેમાં વોલીબોલમાં વડતાલ ગ્રુપ પ્રથમ નંબર અને આરિકન ગ્રુપે દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. બેડમિન્ટન સ્પર્ધામાં પ્રથમ નંબર ભૂમેલ યુથ અને બીજો નંબર વડતાલે પ્રાપ્ત કર્યો હતો. રમત-ગમતના વિજેતા ઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં

રિપ્લ ડાભી (યુવા પ્રમુખ)

# યુવાનોને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી દિશા અર્પતું યુવા સંમેલન "સ્પાર્ક" કઠલાલ ખાતે યોજાયું

યુવાનો ગતિશીલ બને અને સચોટ માર્ગ થકી કારકિર્દી ઘડી મૂલ્યો આધારિત જીવન જીવતા થાય તે માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના સંયોજનથી "સ્પાર્ક" મળે તે માટે પુનિત ક્રોસ દેવાલય કઠલાલ ખાતે યોજાયું હતું.

આ યુવા સંમેલનમાં વિવિધ વૈજ્ઞાનિક મોડ્યુલ પદ્ધતિથી હાજર રહેલા યુવાનોને સ્વ ઓળખ કરાવી પાથજ્ઞાન આપવામાં આવ્યું હતું. આ સ્પાર્ક સંમેલનમાં મુખ્ય વક્તા કેળવણીકાર,લેખક શૈલેષ રાઠોડ અને આચાર્યા શિક્ષણવિદ ડૉ. પ્રીતિ રાઠોડે માર્ગદર્શન આપી જીવન દયેયનો "સ્પાર્ક "કરવામાં આવ્યો.

સભાપુરોહિત ફા.વિક્રમ મહિડાએ જણાવ્યું હતું કે, સંમેલન સાચા અર્થમાં ઉપયોગી પુરવાર થયું.નિષ્ણાંત વક્તાઓએ દરેક યુવાનોને "સ્વ" ઓળખ કરાવી ત્રણ માર્ગ શોધી આપવામાં આપ્યા.આ ત્રણમાંથી એક માર્ગ એક મહિનામાં"મિશન"પદ્ધતિથી સેમિનારમાં હાજર યુવક યુવતીઓ શોધશે.જે તેમનો કારકિર્દી અને વ્યવસાયનો માર્ગ મોકળો કરશે.ટીમમાં હાજર શ્રદ્ધા,અર્થ, ઋતુ અને અજયને પણ અભિનંદન.

કઠલાલ પેરિસના યુવાનોએ અથાગ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હોય સમગ્ર ટીમનો આભાર માનવામાં આવ્યો.

શૈલેશ રાઠોડ



# YUVA SAMPARK YATRA




**ST.JOSEPH**
**TARAPUR PARISH**



**YUVA SAMPARK YATRA**
**UMRETH PARISH**





YUVA SAMPARK YATRA
ANAND GAMDI PARISH



YUVA SAMPARK YATRA
BOCHASAN PARISH



YUVA SAMPARK YATRA
MANINAGAR PARISH



YUVA SAMPARK YATRA
GOMTIPUR PARISH













New Mentors of I.C.Y.M. Office bearers Mr Sailesh Rathod and his wife Mrs Priti Rathod were Welcomed . Newly elected Vice president, Macwan Krutesh and Media Secretary, Meet were also welcomed.







**Pre planning meeting of N.Y.S. held at Salun just before month of N.Y.S. The New deanery youth coordinators were welcomed.**

Fr.Jignesh and Sr. Varsha : Nadiad deanery
Fr.David and Sr.Meena Rathod: Petlad Deanery
Fr.Ashwin and Sr. Sunita: Umreth deanery
Fr.Titus and Sr. Smruti: Ahmedabad city deanery
Fr. Vijay and Sr.Meena Angadi: Anand deanery
Fr. Kiran Kumar and Sr. Pushpa: Ahmedabad rural deanery

# TAIZE PRAYER









TAIZE PRAYER AT KARAMSAD CHURCH FOR PEACE IN MANIPUR AND FOR THE SUCCESS OF N.Y.S. CONDUCTED BY FR.JITU D'MONTE AND HIS TEAM.

**Watch the**
**TAIZE PRAYER**

**CLICK HERE**

# NATIONAL YOUTH SUNDAY-2023

**National Youth Sunday 2023 Salun**

On the blessed Sunday of 13th August, the youth of Ahmedabad Diocese gathered at the Shrine of Divine Mercy in Salun, to rejoice and praise the name of God for the most awaited gathering of the year - National Youth Sunday 2023.
The theme was - "Children, obey your parents in the Lord, for this is right." (Ephesians Chp 6:1).
A total of 1100 youth with their animators were registered for this occasion.
Before we start there was a tasty hot breakfast served to all the members of the congregation. So they stay energetic until the next meal.The ceremony started with our beloved FR.Titus guiding us into a short ice breaking activity so that the youth would feel more comfortable and happy to know each other from all different deanery's that were gathered around in large numbers,which was then followed by a heart felt Praise and Worship action song "Kaun Hai Kaun Hai" by Yu4c Gujarat team (Youth United 4 Christ).
Following the worship, the Lamp was lit by the deanery Youth coordinators after which a few general instructions were given by Fr. Jignesh from the Nadiad deanery as the program was moving ahead.
Now it was time for some motivational talk to be witnessed among the youth present there.
A motivational talk - "The Undying Spirit of Youth" was delivered by a differently abled inspiration - --

Ms.Neha Bhatt (AMPU TEA NEHA) who was welcomed to the stage by Sneha.
It was the journey of Neha Bhatt who sells Tea near the Atal Bridge around Sabarmati Riverfront Ahmedabad after she being an Amputee with never loosing faith and trust.The talk boosted the youth so much that being physically disabled will not stop you from achieving the heights of success with your hard work and dedication.
So where there is Youth you can't keep music away from them. After many practice and constant effort the Anthem for the Indian Catholic Youth Movement (ICYM) was released by Fr. Edwin Anand (diocesen Youth Director) and Co.team.
After listening to the anthem all the youth started humming the same tune which set a frenzy among the participants and coordinators.
Now it was time for some education talk which can be benefitial for the youth. An education oriented speech was given by Mr.Ritesh Macwan (MAC Education) who kept the age and mindset of the youth that had participated during the whole talk.

Being a Sunday there were many Fathers from different parishes present as the main celebrant was Fr.Walter who celebrated the Holy Eucharist touching the souls of many youth present in the name of God.The choir with their melodious hymns was too good to miss.
As it was already noon now it was time to enjoy some delighting lunch.The meal was really delicious.The caterers prepared the meal whole heartedly and was more than sufficient for such a huge crowd.

So this time there was a new category that was the Youth Icon Award.There were around 15-20 entries been send to the ICYM office. But there were only 5 such nomimees who drew the attention that were outstanding amongst all.

1st- Ritesh Macwan
(Young Entrepreneur)
2nd - Muskan Raj
(Culture & Entertainment)
3rd - Harshi Dabhi
(Professional Singer)
4th Sr. Sweta Parmar -
(Religious & social work)
5th - Jaimina Macwan (Sports)

It was a great moment to recieve the Youth Icon Award in different fields amongst this huge crowd.There can't be any other memorable day than this one.

As we all know that what happened in the state of Manipur in the last few weeks was very much painful.So all the youth present dedicated a prayer song for the victim and a prayer by Fr. Jignesh Mackwana.

Now was the time for the most appalling and exciting part of the event that is- Deanery Dhamaka! The dhamaka had skit, dance,short stories as all the deanery had performed well with a meaningful message in it.That is Children, obey your parents in the Lord, for this is right.

As we approach the end of a blessed and joyous day, a vote of thanks to all the youth present, Fathers, coordinators, the caterers, ICYM office bearers for their tremendous support throughout the day.

Also a road map was planned for the youth as activities will be conducted in the remaining part of 2023 that was delivered by Fr. Edwin Anand.

As the climax came closer, the youth danced out there hearts and soul and enjoyed in the Bhajan Mandal and Garba.

And following all these events throughout the day, all of us, all of the 1100 youth with their coordinators of the National Youth Sunday would look forward for another such occasion and gatherings to happen all round the year.

Praise The Lord !

Regards,
ICYM Core Comm (DEXCO)
CLIFFORD DCRUZ

**WATCH THE FULL NATIONAL YOUTH SUNDAY CELEBRATION**

**CLICK HERE**

# NATIONAL YOUTH SUNDAY EXPERIENCE

વાક્યને શરૂવાત કરવા માટે શબ્દો નથી પણ હા ચોક્કસ પણે એટલુ તો કઈશ કે 13.08.2023 એ ICYMના અને તેના યુવાધન માટે એક યાદગાર દિવસ રહેશે.

અત્યાર સુધી ઘણા બધા આવા પોગ્રામ જોયા પણ આ યુવાનોની મેદની આજે પ્રથમ વાર જોઈને આનંદ પણ એટલોજ થયો કે કેથોલિક સમાજમા આટલા યુવાધન છે.

આ બધા માટે ફા.એડવીન, icymના દરેક સભ્યો તથા સર્વ તાબાના ફા. સિસ્ટરો ની મહેનતથી 1050 જેટલા યુવાનોને ભેગા કરવા એ બદલ આપ સર્વેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

પ્રોગામની કોઈ જાણ નથીકે કેવો હશેએ કાંઈ ખબર જ નતી છતાં પણ આવવાનો એક ઉત્સાહ હતો. અને જ્યારે દિવ્યદયાના ધામમાં પ્રવેશ કર્યો અને જે માહોલ જોવા મળો તે જોઈને જ ખબર પડી ગઈકે આજે મજા આવશે..અને પુરા દિવસનું મજા કરી અને આ મને કોઈ પણ પ્રકારે કઈ ખામી ના દેખાઈ હું તો એટલું જ કઈશ કે એકદમ આયોજન બંધ આ ચાલો છે....એ બદલ તમસર્વનો આભાર...
અને હવે ફરી ક્યારે મળીશું એની રાહ જોઇને બેઠા1 છીએ...પણ નાતાલ પર ફરી વાર આ યુથ ભેગું થાય અને આવીજ રીતે ઉજવણી કરીએ એવી આશા રાખું છું.

લી.
મેકવાન સ્ટીવન (સંદેસર, કરમસદ)



Congratulations Fr. Edwin,
After a long time I was participating in a programme organised in the line of principles of a servant leader. I am referring to the ICYM Diocesan youth programme organised at Salun, Nadiad. It was excellent. It had a sense of focus, it was participatory, motivating and fulfilling. You have brought out great qualities of leadership and inspired the youth. Your humility and faith in God has made it a success. Keep it up Edwin. May God give you the strength to strive strenuously for the upliftment and betterment of the youth.











# NATIONAL YOUTH SUNDAY 2023







INDIAN CATHOLIC YOUTH MOVEMENT
(DIOCESE OF AHMDEBAD)

# જાહેરાત

આઈ.સી.વાય.એમ ના આવનાર પ્રોગ્રામ માટે ની સંપૂર્ણ માહિતી મેળવવા માટે નીચે આપેલી લીંક પર ક્લિક કરો.

**CLICK HERE**

વિશ્વ યુવા દિવસનો અનુભવ જાણવા નીચે આપેલી લીંક પર ક્લિક કરો.

**CLICK HERE**

**NATIONAL YOUTH SUNDAY**
**ના ફોટો અને વીડિયો જોવા અને ડાઉનલોડ કરવા નીચે લીંક ઉપર ક્લિક કરો.**

**CLICK HERE**